Year : 2 | Volume : 4 | Page : 40 | JULY 2021

A quarterly magazine for members of Machine Tools Manufacturers' Association - Rajkot

Founded in 1985

# MTMA & YOU

*Let's grow Technocracy with Humanity*



## AGM 2019-20

## World Innovation Wireless Power Transmission






## MTMA Election 2021-22 & 2022-23

www.mtmarajkot.org

# Board of Directors - 2021-22 / 2022-23



**YOGIN CHHANIARA**
PRESIDENT



**HARESH PATEL**
VICE PRESIDENT



**TEJAS DUDAKIYA**
HON. SECRETARY



**DEVAL GHORECHA**
JOINT SECRETARY



**KANAKSINH GOHIL**
HON. TREASURER



**SACHIN NAGEWADIA**
DIRECTOR



**BRIJESH SAPARIYA**
DIRECTOR



**KARAN PARMAR**
DIRECTOR



**PIYUSH DODIA**
DIRECTOR



**ASHWIN KAWA**
DIRECTOR



**KETAN GAJERA**
DIRECTOR



**BIPIN SIDDHAPURA**
CO-OP. DIRECTOR



**RAJESH DODIA**
CO-OP. DIRECTOR



**GHANSHYAM PARMAR**
CO-OP. DIRECTOR

Year : 2 | Volume : 4 | Page : 40 | July 2021

A quarterly magazine for members of Machine Tools Manufacturers' Association - Rajkot

# MTMA & YOU

*Let's grow Technocracy with Humanity*

Founded in 1985

**પ્રમુખ**
શ્રી યોગીન છનીયારા
(છનીયારા એન્જીનીયર્સ પ્રા.લી.)

**ઉપપ્રમુખ**
શ્રી હરેશ પટેલ
(સોલાર મશીન ટૂલ્સ)

**માનદ્ મંત્રી**
શ્રી તેજસ દુદકિયા
(ડોવેલ મશીનરી પ્રા.લી.)

**માનદ્ સહ-મંત્રી**
શ્રી દેવલ ઘોરેચા
(એક્યુરેટ મશીન ટૂલ્સ)

**માનદ્ ખજાનચી**
શ્રી કનકસિંહ ગોહિલ
(તારક મશીન ટૂલ્સ)

**માનદ્ તંત્રી**
શ્રી દેવલ ઘોરેચા

## અનુક્રમણિકા

થોડું આ પત્રિકા વિષે ........ ૪
તંત્રી સ્થાનેથી ........ ૫
પ્રમુખના વિચારો ........ ૬
ચાલો વિચારીએ ........ ૮
MTMA News ........ ૧૪
નવી કારોબારી સમિતી ........ ૨૧
MTMAs Social Responsibilities ........ ૨૨
Useful Apps ........ ૨૩
World Innovations ........ ૨૪
કાયદાકીય સલાહ સૂચનો ........ ૨૮
આમંત્રિત લેખકની કલમે ........ ૩૨
ભૂતપૂર્વ બોર્ડ મેમ્બેરની કલમે ........ ૩૪
છેલ્લે... એક નાની વાત ........ ૩૮

Front Page Image:



**Man working on Hull of U.S. Submarine Connecticut_August 1943**

**મશીન ટૂલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન**
૪૪, શિવાનંદ કોમ્પ્લેક્ષ,
મેહતા પેટ્રોલ પંપની બાજુમાં, ઢેબર રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૨
ફોનઃ +૯૧ ૨૮૧ ૨૨૩૮૭૦૮
મોબાઈલઃ +૯૧ ૭૨૪૦૦ ૭૭૪૦૦
ઈમેઈલઃ mtmarajkot@gmail.com
વેબસાઈટઃ www.mtmarajkot.org

Follow us on :
www.facebook.com/groups/165606853495237/
https://twitter.com/mtmarajkot

Disclaimer:
1. All the Statements, Opinions, Views, News, Articles, etc. appearing in this Magazine are the expressions of Contributors and either the Editor or the Association is not responsible for the same.
2. This Magazine is for private circulation only.

## થોડું આ પત્રીકા વિશે

"MTMA & YOU" નો આ ચોથો અંક ફરીથી મોડો પ્રગટ કરવો પડયો છે, કેમ કે લોકડાઉન પછીના મહિનાઓ મોટાભાગે ઓનલાઇન કામગીરીઓ જ થઇ અને એસોસિએશન લેવલ પર કઈ ખાસ નોંધનીય બાબતો આવીજ નહોતી.

આ ઉપરાંત આપણે સૌ લોકડાઉન પછીના મહિનાઓમાં રૂટિન કામોમાં વ્યસ્ત રહ્યા અને આપણા ધંધાને વ્યવસ્થિત પાટે ચઢાવવામાં મથતા રહ્યા.

ફરીથી મેગેઝીનની વાત કરીએ તો... આ મેગેઝીનને વધુ સારું બનાવવા માટે આપ સૌ તરફથી થોડી અપેક્ષાઓ છે...

- તમારા મંતવ્યો, લેખ, ટીકા-ટિપ્પણો વિ. મોકલો.
- તમારી કોઈ નવી પ્રોડક્ટ વિષે જણાવો, જે આ મેગેઝીન દ્વારા બીજાને માહિતગાર કરી શકાય.
- તમારી અને તમારા વેન્ડર ની જાહેરાતો આપો, અત્યારે આની ખુબ જ જરૂરિયાત છે.

આ મેગેઝીનને આપના ટેબલ પર રાખો જેથી સમય મળ્યે વાંચી શકાય તથા બીજા લોકો પણ તે જોઈ વાંચી શકે. અમારી ઈચ્છા છે કે આ મેગેઝીન આપ સૌને ખુબજ ઉપયોગી થાય.

આપનો સહકાર મળતો રહે તેવી આશા સહ.

### Advertisement Rates for MTMA & YOU, a Quarterly Newsletter

| Advertisement | Ad Size (WxH) (in cm) | Member Single Issue | Member Yearly (4 Issues) | Non Member Single Issue | Non-Member Yearly (4 Issues) |
|---|---|---|---|---|---|
| Full Page Inner | 18 x 25 | 6,000/- | 18,000/- | 9,000/- | 27,000/- |
| Half Page Inner | 18 x 12 | 4,000/- | 12,000/- | 6,000/- | 18,000/- |
| Quarter Page Inner | 8.5 x 11 | 2,500/- | 7,500/- | 4,000/- | 12,000/- |
| Visiting Card | 8 x 5 | 1,500/- | 4,500/- | 2,500/- | 7,500/- |
| Front Page Inner | 18 x 25 | 15,000/- | 45,000/- | 22,000/- | 66,000/- |
| Back Page Inner | 18 x 25 | 12,000/- | 36,000/- | 18,000/- | 54,000/- |
| Back Page | 18 x 25 | 18,000/- | 54,000/- | 27,000/- | 81,000/- |
| Bottom Strip in Inner Pages | 18 x 2 | NA | 45,000/- | NA | 60,000/- |
| Sponsor Back Full Page Ad. and Bottom Strip in Inner Pages | Strip 18 x 2 | NA | 90,000/- | NA | 1,25,000/- |

નોંધ : • જાહેરાત .cdr, .pdf અથવા .eps ફોર્મેટમાં આપવી. • 5% GST અલગથી ચુકવવાનો રહેશે.
• પેમેન્ટ 'મશીન ટૂલ્સ મેન્યુફેકચરર્સ એસોસીએશન' રાજકોટના નામે આપવાનું રહેશે.
• જાહેરાત આપવા માટેનું ફોર્મ online પણ ઉપલબ્ધ છે. www.mtmarajkot.com/ad_form

## તંત્રી સ્થાનેથી...

સભ્યમિત્રો,

આજે જયારે એક વિકટ વર્ષ 2020 પૂરું થઇ ગયું છે ત્યારે આજે અત્યારના સંજોગો ની વાત કરવા સિવાય બીજું કંઈ ખાસ ધ્યાનમાં આવતું નથી, કારણકે માર્ચ 2020 પછીથી ગયેલા 15 મહિનાઓમાં આપણે ઘણું બધું જોયું, અનુભવ કર્યું, શીખ્યા અને અડીખમ રહીને આગળ વધતા રહ્યા.

Covid -19 ની અસહ્ય અને અકલ્પનિય અસર, હવે એનો બીજો ફેઝ SARS-Co-V2, ખેડૂત આંદોલન, ત્રીજો ફેઝ, Online Studies, Online Meetings, Online Exams, Online Results વિવિધ રાજ્યોમાં ચૂંટણી, ઉપરથી નીચે અને નીચે થી ઉપર જતું દેશ–વિદેશ નું રાજકારણ, Economy ના ઉતાર–ચઢાવ, દવાઓ, દવાખાનાઓ, અકાળે સ્વજનો ગુમાવવાનો રંજ, આવી લોકડાઉન / મહામારીની પરિસ્થિતિ નવા જન્મ લેનાર બાળકોના આગમનનો આનંદ અને બીજું ઘણું બધું આપણે જોયું.

આમાંથી આપણે માનવતા, સભ્યતા, શિસ્તતા, અનુશાસન, બીજાને મદદ કરવી, આપણે કોઈને ન નડીએ એ વિચારવું, આપણે કોઈને કેવી રીતે મદદરૂપ થઈ શકીએ એ વિચારવું અને ચોખ્ખાઈ પ્રત્યેના અભિગમ માં સુધારો... આવું ઘણું બધું આપણે જાણતા હતા પણ સાચી રીતે શીખ્યા કદાચ હવે... અને હજુ પણ શીખી રહ્યા છીએ. જે લોકો હજુ પણ પરિસ્થિતિને સામાન્ય ગણીને હકીકતને અવગણે છે એ જ વર્ગ બધાને કદાચ નડી રહ્યો છે.

આ કપરા કાળમાં આપણે ઘણા બધા તહેવારો ઘરે બેસીને ઉજવ્યા. ઘણા બધા સામાજિક અને ધંધાકીય કામોમાં હાજરી ન આપી શક્યા. જન્માષ્ટમી, નવરાત્રી, દિવાળી, ઈદ, ક્રિસ્મસ જેવી રજાઓ આપણે આપણા કુટુંબ સાથે ઘરેજ માણી અને જેથી એક ફેમિલી નું Bonding વધુ મજબૂત થયું. આપણા જ ઘરના સભ્યોને આપણે વધુ ઓળખતા થયા અને આજ સુધી આપણે ઘરના સભ્યોને જે સમય આપી શક્યા ન હતા તે હવે આપી શક્યા. ઘરના મોટાભાગના કામ માટે આત્મનિર્ભર થયા. આ મહામારીની એક Positive Side કહેવાય.

લોકડાઉન પછી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્‌વાન મુજબ દરેક ભારતીય આત્મનિર્ભર બનવું જોઈએ તેનો ઉત્તમ દાખલો આ સમય દરમિયાન જ પ્રકાશમાં આવ્યો અને આપણે સૌ એના માટે એક જૂથ થઈને દેશને આગળ ધપાવ્યો.

આ સમયે આપણને ઘણું બધું બતાવ્યું અને 2020 ના અંત આવતા આવતા એક મોટો પ્રાણપ્રશ્ન સામે આવી ગયો, એ છે મોટા ભાગના કાચા માલનો અસહ્ય, અકલ્પનીય અને હરણફાળ ભરતો ભાવ વધારો. પછી એ પ્લાસ્ટિક હોય કે મેટલ હોય. આપણે છેલ્લા છ થી બાર મહિનામાં જંગી વધારા નો સામનો કરી રહ્યા છીએ અને આપણે સૌ જાણીએ છીએ તેમ જ્યારે જ્યારે આવો ધરખમ ભાવ વધારો આવે અથવા આવવાના એંધાણ આવે ત્યારે બજારમાં એક તેજીનો માહોલ જોવા મળે છે અને એ આપણે જોઈ રહ્યા છીએ. પરંતુ આ તેજીનો લાભ લેવો એ ખરેખર લોઢાના ચણા ચાવવા બરાબર છે કેમ કે એની સામે આવેલો આ ભાવ વધારો થંભાવનું નામ નથી લેતો અને આપણે આપણા ગ્રાહકોને કેમ સમજાવવા એ ખરેખર ખૂબ જ અઘરું કામ થઇ ગયું છે. પરંતુ આમાં સારી વાત એ છે કે કામ નીકળી રહ્યું છે અને માંગ વધી રહી છે, જેથી કરીને આપણી ઈકોનોમી એક સારી દિશામાં જઈ રહી હોય એવું લાગી રહ્યું છે. પરંતુ આવી વિષમ પરિસ્થિતીમાં એ ક્યાં સુધી? એ સમજવું એ કદાચ અર્થશાસ્ત્રીઓ માટે પણ કઠિન હોય શકે.

આ પરિસ્થિતિમાં આપણે સૌએ સંગઠિત થઈને યોગ્ય ભાવ વધારો કરવો જ જોઈએ અને ખોટી હરીફાઈથી દૂર રહીએ તો જ દરેક ને આવનાર સમયમાં ફાયદો થાય છે. આ સાથે એક વિચાર એ પણ આવે છે કે આ જંગી વધારાનું મૂળ કારણ શું છે? શું કોઈ ચોક્કસ વર્ગ કે કોઈ ચોક્કસ લોબી આનો ખોટી રીતે તો ફાયદો નથી લઈ રહ્યાં ને? સરકારે ખરેખર આ માટે ખુબજ ત્વરિત, સૂચક અને આક્રમક પગલાં લેવા જોઈએ અને ઉદ્યોગકારોને આ માટેની સાચી માહિતી આપવી જોઈએ. નહીં તો આ જે તેજી છે, એ લાંબો સમય નહિ ટકી શકે અથવા તો બીજી ભાષામાં કહીએ તેજી કરતાં પણ એક Stable Market જળવાઈ રહે તેના માટે પણ સરકાર દ્વારા યોગ્ય દિશામાં સંશોધન કરવું જોઈએ અને ઉદ્યોગકારોને રાહત આપવી જોઈએ.

આવનાર સમય આપના સૌના માટે સફળ, સમૃદ્ધ અને તંદુરસ્ત રીતે રહે એવી શુભકામના...

જય હિન્દ.



**– દેવલ ઘોરેચા**
info@accuratelathe.com

## પ્રમુખના વિચારો...

સર્વે સભ્યશ્રીઓ,

ગત વર્ષમાં અને ચાલુ વર્ષમાં વાવાઝોડા અને ભૂકંપ જેવી કુદરતી આફતો આવી હતી, પરંતુ એનાથી પણ ભયંકર છે કોરોના વાયરસનું આક્રમણ. આ વાઈરસના પ્રથમ અને બીજા આક્રમણમાં તમામ માનવ જીવન જાણે સતત 2 વર્ષ થી અટકી ગયું હોય તેવું લાગી રહ્યું છે. આખું વિશ્વ આ મહામારીનો સામનો કરવા માટે વિવિધ વિકલ્પોની શોધમાં છે, આ વર્ષે બીજા આક્રમણમાં મેડિકલ ક્ષેત્રના તમામ સંસાધનો ટુકા પડ્યા અને સંક્રમિતોના શરીરમાં ઓક્સિજનની કમી બધાએ મહેસૂસ કરી. આજે આ આફત સામે લડવામાં દેશવાસીઓ અને સમગ્ર વિશ્વના લોકો પણ, ભારતની મદદ કરી રહ્યા છે. કોરોના સામે લડતા–લડતા જીવન જીવવાની નવી રીત શીખીને સમગ્ર વિશ્વના લોકો જીવી રહ્યા છે.

બીજા વિશ્વયુદ્ધએ જેમ માનવ જીવનને એક નવી દિશા આપી હતી તેવીજ રીતે આ કોરોના મહામારીએ માનવ જીવનમાં કેટલાક નવા પ્રમાણ લાવ્યા છે. સતત 2 વર્ષ થી બંધ કહી શકીએ તે વ્યવસાયો શરૂ કરવા માટે ઉદ્યોગકારોની સામે જે પડકારો હતા તેનો આ ઉદ્યોગ સાહસિકો ખૂબ જ હિંમતથી સામનો કરી રહ્યા છે. હવે પરિસ્થિતિ ધીમે–ધીમે પહેલા જેવી થવા માંડી છે અને આશા રાખીએ કે આખા વિશ્વ નું માનવ જીવન ફરીથી અને કાયમી રીતે સ્વસ્થતાપૂર્વક પાટે ચઢી જાય.

મેડિકલ ક્ષેત્ર ને બાદ કરતાં વિશ્વના બધા ઉદ્યોગોએ આ સમયગાળા દરમિયાન તમામ આર્થિક પરિણામોમાં સૌથી નીચલો સ્તર અનુભવ્યો છે. હોટલો, પર્યટન, મુસાફરી, જેવા અનેક ઉદ્યોગો હજી ખાડામાં જ છે. વૈશ્વિક સ્તરે ટેકનોલોજી સંશોધન ક્ષેત્રમાં કામ કરતી કંપની દ્વારા કરાયેલા સર્વે અનુસાર આગામી ચાર થી પાંચ વર્ષમાં ભારતના મશીન ટૂલ્સ માર્કેટમાં દર વર્ષે ૧૩ ટકાનો વિકાસ થવાની ધારણા છે અને અપેક્ષા છે કે ૨૦૨૫ સુધીમાં મશીન ટૂલ્સ ઉદ્યોગમાં ૧૯ અબજ ડોલરનો વધારો થશે. આ એક આશાસ્પદ અને રાહત મળે એવી વાત છે.

દક્ષિણ એશિયા ક્ષેત્રમાં ઓટોમોટિવ ઉદ્યોગ માટે નાના–મોટા ઉત્પાદન કેન્દ્ર તરીકે ભારત પોતાનું સ્થાન બનાવી રહ્યું છે. ઓટોમોટિવ ઉદ્યોગની સાથે સાથે રેલ્વે , બાંધકામ, શિપ બિલ્ડિંગ અને વિન્ડ પાવર વિગેરે જેવા ઘણા ઉદ્યોગોમાં અપેક્ષિત વૃદ્ધિ પણ મશીન ટૂલ્સ ઉદ્યોગને પૂરક બનાવશે તેવી આગાહી છે. હવે પછીનો આર્થિક વિકાસ સંપૂર્ણપણે હાઈટેક હશે. ગુણવત્તાવાળા ઉત્પાદન માટે આપણે કાર્યપદ્ધતિમાં કેટલીક પરંપરાગત પ્રથાઓને બદલીને નવી કાર્ય સંસ્કૃતિ અપનાવવાની તીવ્ર જરૂર છે અને એ માટે આપણું એસોસિએશન કટ્ટીબદ્ધ છે. આપણે સહુએ સાથે

મળીને આવનાર તકોનો સમજરીપુર્વક અને સકારાત્મક દટિકોણથી લાભ લઈ શકાય એ માટે કદમ થી કદમ મિલાવીને આગળ વધવું એ સૌને માટે હિતકારી રહેશે.

છેલ્લા પાંચ-છ મહિનાથી ચાલી રહેલા લોકડાઉનના પરિણામે છેલ્લા ત્રિમાસિક ગાળામાં ભારતના જીડીપીનો દર ઘટીને -24% જેટલો થયો છે, નકારાત્મક આર્થિક વિકાસના આ આંકડા ચિંતાજનક હોવા છતાં આ પરિસ્થિતિનો સામનો કરીને લપસી ગયેલી અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા માટે સરકાર અને ઉદ્યોગપતિઓ દ્વારા વિવિધ ક્ષેત્રે નીતિગત ફેરફારો કરતા જોવા મળે છે. વડાપ્રધાન શ્રી મોદીજીએ આત્મનિર્ભર ભારતની હાકલ ઘણા સમય પહેલા કરેલી જ છે, જેને આપણે ગતિ આપવાની છે. સહુથી અગત્યના સંરક્ષણ ક્ષેત્રમાં જરૂરી ઉત્પાદનો માટે આપણી પાસે ઉપલબ્ધ સુવિધાઓને ધ્યાનમાં લઈને સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર બની શકીએ છીએ. ભારતના સંરક્ષણ ક્ષેત્રમાં લગતી વસ્તુઓ માટે અદ્યતન અને અત્યાધુનિક મશીનોની આવશ્યકતા અનિવાર્ય હોવાથી આવા આધુનિક ઉત્પાદનો દેશમાં બનાવવા માટે ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધવાની ગરજ જ સરકારના સ્તરે વ્યક્ત કરવામાં આવી છે. આવતા દિવસોમાં ઉદ્યોગો માટે આ એક ખૂબ જ મહત્વપૂર્ણ નિર્ણય નીવડશે.

હજુ એક મહત્વની બાબત રસીકરણ માટેની છે. આપણા વડાપ્રધાનશ્રી મોદી સાહેબના રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાનમાં આપણે સૌએ જોડાવું જોઈએ, જેથી કહેવાની ત્રીજી લહેરનો સામનો કરી અને ટકી શકીએ.

આશા રાખીએ આવનારા દિવસોમાં કોરોના મહામારીમાં થી હેમખેમ પુનઃ આપના સહુના ઉદ્યોગો સફળતાના શિખરો સર કરે.

આભાર.

**યોગીન છનિયારા**



પ્રમુખશ્રી
મશીન ટૂલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન - રાજકોટ



## ચાલો વિચારીએ

> "Defeat is a state of mind; no one is ever defeated until defeat has been accepted as a reality."
>
> \- Bruce Lee

a Winner is a Dreamer who never Gives up

\- Nelson Mandela






SINCE LAST 38 YEARS

MORE THAN 4500 MACHINES IN OPERATION

DOWEL

AN ISO 9001 : 2015 Company



**MOBILE CYLINDER HYD. PRESS**
Capacity From 40 Tonnes To 500 Tonnes
& More Tonnes



**HYDRAULIC IRON WORKER**
Capacity From 60 Tonnes To 130 Tonnes
& More Tonnes



**"C" FRAME HYD. PRESS**
Capacity From 5 Tonnes To 500 Tonnes
& More Tonnes

## DOWEL ENGINEERING WORKS

**Office & Workshop :** 12-Atika Industrial Area, Debar Road (South), Rajkot - 360 002. (Guj.) INDIA.
Phone : +91-281-2362465, Email : dowel@thedowel.com / tejas@thedowel.com

DMPL

AN ISO 9001 : 2015 Company



**4-PILLAR HYDRAULIC PRESS**
Capacity From 5 Tonnes To 1000 Tonnes
& More Tonnes



**CLOSE FRAME TYPE HYD. PRESS**
Capacity From 5 Tonnes To 1000 Tonnes
& More Tonnes



**PLC OP. HYDRAULIC PRESS**
Capacity From 5 Tonnes To 1000Tonnes
& More Tonnes

## DOWEL MACHINERY PVT. LTD.

**Admin.Office:** 12-Atika Industrial Area, Debar Road (South), Rajkot - 360 002. (Guj.) INDIA.

Factory: Shri Satya Industrial Estate, Plot No. 15, Survey No. 239,
Beside Weldor Engg. Pvt. Ltd., Veraval (Shapar) Tal.: Kotada Sangani. Dist Rajkot - 360 024.
TeleFax : +91-2827-296113, Web Site: www.thedowel.com E-mail: tejas@thedowel.com, mktg@thedowel.com


HOW TO WEAR A NON-MEDICAL FABRIC MASK SAFELY
who.int/epi-win
Do's
Clean your hands before touching the mask
Inspect the mask for damage or if dirty
Adjust the mask to your face without leaving gaps on the sides
Cover your mouth, nose, and chin
Avoid touching the mask
Clean your hands before removing the mask
Remove the mask by the straps behind the ears or head
Pull the mask away from your face
Store the mask in a clean plastic, resealable bag if it is not dirty or wet and you plan to re-use it
Remove the mask by the straps when taking it out of the bag
Wash the mask in soap or detergent, preferably with hot water, at least once a day
Clean your hands after removing the mask
Don'ts
Do not use a mask that looks damaged
Do not wear a loose mask
Do not wear the mask under the nose
Do not remove the mask where there are people within 1 metre
Do not use a mask that is difficult to breathe through
Do not wear a dirty or wet mask
Do not share your mask with others
A fabric mask can protect others around you. To protect yourself and prevent the spread of COVID-19, remember to keep at least 1 metre distance from others, clean your hands frequently and thoroughly, and avoid touching your face and mask.
World Health Organization

# CITY®

AN ISO 9001:2015 CERTIFIED COMPANY

## EASY CUTTING & BENDING

IRON WORKER




POWER PRESS



## ACCURATE INDUSTRIES

**Factory:** 3, Atika Dhebar Road (South), Rajkot (Guj.) INDIA.

**Mo.: 9227744900 / 500**

**E-mail:** city_powerpress@yahoo.com | **Web.:** www.citypowerpress.com / www.ironworker.in

## VISION 2020

We will be in the Top 5 Machine Tool Building Nations by 2020 Leveraging World Class R & D Infrastructure, Systems and People Delivering Innovative Solutions and Services to Create "Value for Customers"



## MISSION 2020

We the Rajkot Machine Tools Manufacturers shall Achieve 1st Position in Indian Machine Tools Industry by delivering wide range of cutting edge products through professional management, frugal engineering value chain, partnering suppliers, driven by Customers satisfaction.




ACCURATE ®
since 1982
Precision Lathe Machines & SPMs
An ISO 9001:2015 Company
known for its accuracy
et 1.0
High Speed All Geared
Lathe Machines
ACCENT:102
Heavy Duty All Geared
Lathe Machines
Accurate-B
Heavy Duty
Lathe Machines
Accurate-EHP-G
Extra Heavy Duty
Lathe Machines
ACCURATE MACHINE TOOLS®
www.accuratelathe.com
15, Atika Industrial Area,
Dhebar Road South,
Rajkot - 360 002, INDIA
Phone: +91 281 2361099
Mobile: +91 98242 22448
E-mail: info@accuratelathe.com


BALL SCREW, LM GUIDEWAYS & CNC ACCESSORIES
PMI
BALLSCREWS
PMI
LINEAR GUIDEWAYS
SYK
BALLSCREW
SUPPORT
UNITS
SUPER SLIDE
COUPLINGS
YINSH
PRECISION
LOCK NUTS
MACHINING SYSTEMS
2, Gokul Nagar, Nr. Gokul Dham, RAJKOT - 360 004. (Guj.) INDIA
Tel. : 0281-2311160, Cell : 097123 59021, 094269 00070
E-mail : ballscrew.rajkot@gmail.com Web. www.superslides.in


MAKE IN INDIA
Widest Range of
Drilling & Milling Machines
Transforming Transctions into Trust
SE
Sahyog
ENTERPRISE
Siddhapura
machines
Siddhapura
C-1B/258, AJI GIDC, Phase-II, Road-R, Rajkot-360003 INDIA
Phone: +91 281 2384123
E-mail: siddhapuramachines@gmail.com
info@sahyogdrills.com
Website: www.siddhapuramilling.com
www.sahyogdrills.com

## MTMA NEWS

### • TAB Meeting

The Alternative Board (TAB) બાબતે શ્રી વિરાટભાઈ ઢેબર સાથે એસોસીએશનના કારોબારી સભ્યભાઈઓની એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં હાલ એસોસીએશનના કારોબારી સભ્યભાઈઓ પુરતુ એક બોર્ડ શરૂ કરવામાં આવે તેવી વિચારણા કરવામાં આવેલ.






## • STRIVE Project અંતર્ગત ITI સ્કિમની ગ્રાન્ટ બાબત

ઈન્ડસ્ટ્રીયલ સેકટરમાં કુશળ કામદારો મળી રહે તે હેતુસર રાજય સરકાર દ્વારા STRIVE (Skill Strengthening for Industrial Value Enhancement) પ્રોજેકટ શરૂ કરવામાં આવનાર હોય તે પ્રોજેકટ અંતર્ગત ITI સ્કિમ બાબતનો એક સેમીનારનું આયોજન રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશન ખાતે થયેલ હતું. જેમાં રાજકોટના ઘણાબધા એસોસીએશને ભાગ લીધેલ હતો. આ સેમીનારમાં આપણા એસોસીએશન વતી પ્રમુખશ્રી યોગીનભાઈ છનીયારા, સેક્રેટરીશ્રી તેજસભાઈ દુદકીયા હાજર રહેલ હતા. એસોસીએશનના દરેક સભ્યભાઈઓ પોતાના એકમ માટે કુશળ કામદારોની ભરતી કરી શકે અને પોતાના કામદારોને ગુણવતા વાળી તાલીમ મળી રહે તથા તેની કાર્યક્ષમતામાં વધારો થાય તેવી ટ્રેનીંગ વગેરે બાબતોને ધ્યાનમાં લઈ એસોસીએશન આ પ્રોજેકટમાં જોડાવા જઈ રહયુ છે ત્યારે દરેક સભ્યભાઈઓના સહકારની જરૂર હોય તે માટે એસોસીએશન દ્વારા દરેક સભ્યભાઈઓને આ બાબતનો સરકયુલર મોકલવામાં આવેલ અને દરેક સભ્યભાઈઓ તરફથી "Letter of Support" મંગાવવામાં આવેલ, જેમાં કુલ ૯૬ સભ્યભાઈઓ તરફથી આ લેટર મળેલ હતા.

## • RCCI અને અન્ય એસોસિએશન સાથેની મીટીંગ



Rajkot Chamber of Commerce & Industries તથા Federation of Saurashtra Kutch Chamber of Commerce & Industries દ્વારા તમામ ચેમ્બર્સ તથા એસોસીએશનના પ્રતિનિધિઓ સાથેની એક મીટીંગનું આયોજન તા.૨૧.૦૧.૨૦૨૧ ના રોજ સયાજી હોટલ્સ, રાજકોટ ખાતે કરવામાં આવેલ હતું જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાતના મુખ્યપ્રધાનશ્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહેલ હતા. આ મીટીંગમાં આપણા એસોસીએશન માંથી યોગીનભાઈ છનીયારા, કનકસિંહ ગોહીલ તથા બ્રીજેશભાઈ સાપરીયા હાજર રહેલ હતા.



## • AGM 2019-20

મશીન ટુલ્સ મેન્યુફેકચરર્સ એસોસીએશનની વર્ષ ૨૦૧૯–૨૦ ની વાર્ષિક સાધારણ સભા તા.૨૭.૦૨.૨૦૨૧ ને શનીવારના રોજ હોટલ આર.પી.જે. રીજેન્ટા, રાજકોટ ખાતે રાખેલ હતી, જેમા એસોસીએશનના સભ્યભાઈઓ તથા સૌરાષ્ટ્રના વિવિધ એસોસીએશનના હોદેદારો અને સરકારી તથા બીન સરકારી સંસ્થાઓના અધિકારીઓ હાજર રહેલ હતા. આ સભામાં એસોસીએશનની વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન કરવામાં આવેલી કામગીરીઓની માહિતી તથા એસોસીએશનની વિવિધ કમીટીઓના અહેવાલો એસોસીએશનના કારોબારી સભ્યભાઈઓ દ્વારા રજુ કરવામાં આવેલ હતા.






AGM 2019-20 માં એસોસીએશનના આમંત્રણને માન આપીને હાજર રહેલ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી વી. પી. વૈષ્ણવ સાહેબે એક ઉપયોગી સંબોધન કરેલ જેમાં રાજકોટના ઉદ્યોગો અને MTMA ની કામગીરીના વખાણ કર્યા હતા. ગવર્મેન્ટ સપ્લાય માટે આપણા ઉદ્યોગ સક્ષમ છે અને વધુ મહેનત કરવી જોઈએ. શ્રી વૈષ્ણવ સાહેબે વધુ વાત કરતા કહયુ હતુ કે પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબના "Vocal for Local" ના અભિયાનને આપણે વધુમાં વધુ સપોર્ટ આપીને આગળ વધવુ જોઈએ. આગળ વધવા માટે લોન ન લેવી એવી પણ એક માન્યતા છે એમાથી પણ બહાર નીકળવું જઈએ. આ ઉપરાંત આપણે Secrecy ની માન્યતા ઘર કરી ગઈ છે, એમાંથી પણ જો બહાર નીકળીએ તો એક હરણફાળ વિકાસની તરફ કુચ કરી શકાય એવું એમનું મંતવ્ય હતું.





MSME -Rajkot ના શ્રી પ્રવિણ જોશી સાહેબ પણ આ મીટીંગમાં ઉપસ્થિત રહયા હતા અને તેમણે વિવિધ સરકારી યોજનાઓ ની વિગતો આપી હતી. જેમાં Lean Manufacturing, Policy 2020 માં Focus on Rajkot માટેની ચર્ચા કરેલ. આ ઉપરાંત ઈ–ટેન્ડરીંગ માટેની વિગતો જણાવેલ અને GeM Portal પર વધુમાં વધુ આપણા સભ્યો આવે એવી ઈચ્છા પ્રગટ કરેલ. આ ઉપરાંત Government Cluster Development અને Common Facility Center ની સરકારની યોજના વિષે રજુઆત કરેલ.



શાપર–વેરાવળ એસોસીએશનના ઉપપ્રમુખશ્રી અમૃતભાઈ ગઢીયા એ આત્મનિર્ભરતા ઉપર ખુબજ ભાર મુકયો હતો. લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા હાથ ધરાયેલ Development of Import Substitute પર વિગતવાર ચર્ચા કરેલ, જેમાં આપણા ઉદ્યોગો માટે Defence Sector, Textile Parts અને Pharmaceutical Machineries વગેરે જે હાલની તકે ઈમ્પોર્ટ થાય છે એના માટેનો બહોળો સ્કોપ આપણી પાસે છે એ માટે વિસ્તૃત જાણકારી આપેલ અને આ તરફ ઉદ્યોગોને ખાસ ધ્યાન આપવા અપીલ કરેલ.

વધુમાં એમણે જણાવ્યુ હતુ કે MTMA દ્વારા ભવિષ્યમાં થનારા દરેક Technology Udgradation ના Programs અને Seminar માં શાપર–વેરાવળ ઈન્ડ. એસોસિએશન જોડાવા માટે તત્પર છે અને તેઓને MTMAની સાથે લેવા આગ્રહ કર્યો હતો.

















મશીન ટુલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસીએશનના પ્રમુખ શ્રી યોગીનભાઈ છનીયારાએ જણાવ્યુ કે આપણે આવનાર સમયમાં બધાજ એસોસીએશન સાથે મળીને કામ કરવું જોઈએ. આમંત્રિત દરેક મહેમાનોનો હદયપુર્વક આભાર વ્યકત કરતા જણાવ્યુ હતું કે MTMA અને તેના સભ્યો આવનાર સમય માટે તૈયાર છે અને વિકાસ તરફ આગળ લઈ જવા માટે MTMA વર્ષોથી કટીબધ્ધ છે જ.



AGM 2019-20 દરમ્યાન ગત વર્ષમાં MTMA દ્વારા યોજેલ વિવિધ સેમીનારમાં ભાગ લીધેલ સભ્ય એકમોને સર્ટીફીકેટ આપેલ.

આ ઉપરાંત દરેક વર્ષની જેમ એસોસીએશનની દરેક કમીટીએ પોતાનો અહેવાલ રજુ કરેલ. MTMA ની ગત વર્ષની વિવિધ કામગીરીનો અહેવાલ Audio-Visual દ્વારા જોઈન્ટ સેક્રેટરી શ્રી દેવલભાઈ ઘોરેચાએ આપેલ.



MTMA ના ગત વર્ષના કારોબારી સભ્ય અને યંત્રાંગ સીએનસી ઓટોમેશન પ્રા.લી. ના સ્વ. પિયુષભાઈ સગપરીયાનું કોરોનાની બીમારીને લીધે અકાળે મૃત્યુ થયું હતું. MTMA દ્વારા શ્રધ્ધાંજલી રૂપે હાજર રહેલા સૌ સભ્યભાઈઓ અને મહેમાનોએ બે મિનિટનું મૌન પાળેલ.

એસોસીએશનની વર્ષ ૨૦૧૯–૨૦ ની AGM માં એસોસીએશનના નિમંત્રણને માન આપીને વિવિધ એસોસીએશનો અને સરકારી સંસ્થાઓ માંથી તેમના અધીકારીઓ તથા એસોસીએશન કાર્ય સાથે સંકળાયેલ વિવિધ એકમો માંથી નીચે મુજબના પ્રતિનીધીઓ હાજર રહેલ, જેઓનું એસોસીએશનના કારોબારી સભ્યભાઈઓ દ્વારા બુકે આપીને સ્વાગત કરવામાં આવેલ.

૧. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ – પ્રમુખ શ્રી વી. પી. વૈષ્ણવ તથા સેક્રેટરી શ્રી નૌતમભાઈ બારસીયા

૨. શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન – ઉપપ્રમુખ શ્રી અમૃતભાઈ ગઢીયા અને શ્રી રતીભાઈ સાદરીયા

૩. હરીપર પાળ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન – પ્રમુખ શ્રી ડેનીશભાઈ હદવાણી અને જો. સેક્રેટરી શ્રી રીમ્પલભાઈ પટેલ

૪. NSIC-Rajkot – આસીસ્ટન્ટ મેનેજર શ્રી રવીપ્રકાશભાઈ વાળા

૫. MSME-DI – ડે. ડાયરેક્ટર શ્રી પ્રવીણભાઈ જોષી અને એન્જીનીયર શ્રી પ્રણવભાઈ પંડયા

૬. CMTI રાજકોટ – સેન્ટર ઈન્ચાર્જ શ્રી અભિષેકભાઈ સુચક

૭. એસોસીએશનના ટેક્ષ કન્સલ્ટન્ટ એડવોકેટ શ્રી હરેનભાઈ પોપટ















## • એસોસીએશનની નવી કોન્ટેકટ ઈન્ફર્મેશન

એસોસીએશનના ઉપરોકત નવા કોન્ટેકટસ આપ સૌ નોંધી લેશો. ખાસ તો મોબાઈલ નંબર, કેમકે હવે પછીથી દરેક માહિતીઓ ઈ-મેઈલ ઉપરાંત WhatsApp દ્વારા Broadcast Message દ્વારા મોકલવામાં આવશે. જો આપે આ નવો નંબર તમારા ફોનમાં સેવ નહી કર્યો હોય તો આપને એસોસીએશન દ્વારા મોકલવામાં આવતી બહુ-ઉપયોગી માહિતીઓ નહી મળી શકે.

આ ઉપરાંત હવેથી એસોસીએશન દ્વારા SMS થી મોકલાતી માહિતીઓનું કામ પણ બંધ કરવામાં આવેલ છે, જેની નોંધ લેવા વિનંતી.



## નવી કારોબારી સમિતી

આપણા એસસોસીએશનની વર્ષ ૨૦૨૧–૨૨ તથા ૨૦૨૨–૨૩ માટેની ચુંટણી પ્રક્રિયા આપણા બંધારણ મુજબ મે–૨૦૨૧ માસ દરમ્યાન કરવામાં આવેલ હતી. અમોને જણાવતા આનંદ થાય છે કે દર વર્ષની જેમ આ વર્ષે પણ ગત વર્ષના તમામ હોદેદારો બીનહરીફ વિજેતા જાહેર થયેલ, જે એક ગૌરવની વાત છે અને આવાજ ભાઈચારાની ભાવનાથી આપણું એસોસીએશન હર હંમેશ આગળ વધતુ રહે એવી શુભેચ્છાઓ. દરેક સભ્યભાઈઓનો સહકાર વર્ષો–વર્ષથી મળતો રહયો છે એમ આવનાર બે વર્ષ માટે પણ મળતો રહેશે એવી અપેક્ષા સાથે ફરીથી આ કારોબારી સમિતિ આપ સૌની સાથે અને આપ સૌ માટે કટીબધ્ધ છે. વર્ષ ૨૦૨૧–૨૨ તથા ૨૦૨૨–૨૩ ના કારોબારી સભ્યભાઈઓના નામ તથા અન્ય વિગતો નીચે મુજબ છે. એસોસીએશનની વિવિધ કમિટીઓનું લિસ્ટ અંદરના છેલ્લા પાને આપેલ છે.

| No. | Designation | Name | Address | Contact |
|---|---|---|---|---|
| 1 | President | Yogin Chhaniara | CHHANIARA ENG. PVT. LTD.<br>e-mail: chhaniara1@gmail.com | 9825075023 |
| 2 | Vice President | Haresh Patel | SOLAR MACHINE TOOLS<br>e-mail: hareshmpatel3@yahoo.com | 9825211988 |
| 3 | Hon. Secretary | Tejas Dudakiya | DOWEL MACHINERY PVT. LTD.<br>e-mail: tejas@thedowel.com | 9824231975 |
| 4 | Jt. Secretary | Deval Ghorecha | ACCURATE MACHINE TOOLS<br>e-mail: info@accuratelathe.com | 9824222448 |
| 5 | Hon. Treasurer | Kanaksinh Gohil | TARAK MACHINE TOOLS<br>e-mail: tarakpowerpress@gmail.com | 9824324398 |
| 6 | Director | Sachin Nagewadia | MINIMATIC MACHINES<br>e-mail: sachin@minimaticmachines.com | 9426900070 |
| 7 | Director | Brijesh Sapariya | JAMNAGAR MANUFACTURERS<br>e-mail: brijesh20615@gmail.com | 9825267325 |
| 8 | Director | Karan Parmar | ACCURATE INDUSTRIES<br>e-mail: city_powerpress@yahoo.com | 9227744900 |
| 9 | Director | Piyush Dodia | BHAGWATI ENGINEERS<br>e-mail: info@anasuya.net | 9426734687 |
| 10 | Director | Ashwin Kawa | SHAILESH MACHINE TOOLS PVT. LTD.<br>e-mail: ashwin@shaileshmachines.com | 9825076452 |
| 11 | Director | Ketan Gajera | ACCORD ENGG. CORPORATION<br>e-mail: sales@accordbenchvices.com | 9998844445 |
| 12 | Co-Op. Director | Bipinbhai Siddhapura | SIDDHAPURA MACHINES<br>e-mail:siddhapuramachines@gmail.com | 9898858313 |
| 13 | Co-Op. Director | Rajesh Dodia | RADHEKRISHNA INDUSTRIES<br>e-mail: radhekrishnaind9@gmail.com | 9824088998 |
| 14 | Co-Op. Director | Ghanshyam Parmar | GANESH CRANES<br>e-mail: ganeshcranes@gmail.com | 9825216374 |

## MTMA's Social Responsibilities and Contribution

### • Donation

1. કોરોના વાયરસ મહામારી દરમ્યાન કોરોના દર્દીઓને ફ્રી ટીફીન સેવા આપતી સંસ્થા 'શ્રી પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ' ને તેમની સેવામાં સહભાગી થતા એસોસીએશન દ્વારા રૂા.૭૦૦૦/– નું અનુદાન આપવામાં આવેલ.

2. કોરોના વાયરસ મહામારી દરમ્યાન કોરોના દર્દીઓને ફ્રી ઓકસીજન બોટલ સેવા આપતી સંસ્થા 'ફ્રી ડમ યુવા ગૃપ' ને તેમની સેવામાં સહભાગી થતા એસોસીએશન દ્વારા રૂા.૫૦૦૦/– નું અનુદાન આપવામાં આવેલ.

એસોસીએશન દ્વારા આપેલ શુક્ષ્મ અનુદાન બદલ 'ફ્રીડમ યુવા ગૃપ' ના સંસ્થાપક શ્રી ભાગ્યેશભાઈ વોરા તથા તેઓની ટીમ દ્વારા એસોસીએશનને મોમેન્ટો આપી આભાર વ્યકત કરેલ.






**॥ શ્રદ્ધાંજલી ॥**

ભારતમાં એપ્રિલ ૨૦૨૦થી શરૂ થયેલ Covid-19 આપણને અતિ દૂ:ખ ભરેલ આ સ્થિતિમાં મૂકી દીધેલ છે. આપણે સૌ જાણીએ છીએ તેમ આ છેલ્લા દોઢ વર્ષમાં આપણામાંથી કોઈ સગા, સ્નેહી, પાડોશી કે મિત્રો, કોઈને કોઈ આ મહામારીનો ભોગ બનેલ છે અને તેઓ આપણાથી કાયમ માટે દૂર થઈ ગયેલ છે. આ વસમી પરિસ્થિતિમાં આપણે એકબીજાને હુંફ આપીને કપરો સમય, ખુબ ભારે હૃદયે પસાર કરી રહ્યા છીએ. આ સમયે આપણે જે તકદારી અને હિમ્મત રાખવાની હોય છે એ તો રાખીએ છીએ, પણ આ વીતેલ સમયે આપણને જે એક મોટો ખાલીપો આપ્યો છે એ કોઈપણ સંજોગે પૂર્ણ થઈ શકે તેમ નથી.

મશીન ટૂલ્સ મેન્યુફેકચરર્સ એસોસિએશન – રાજકોટ, આ દુનિયા કાયમી માટે છોડી જનારા આપણા સ્વજનોને એક હૃદયપૂર્વક શ્રદ્ધાંજલી અર્પણ કરે છે અને એમના કુટુંબીજનોને આવેલી કપરી સ્થિતિનો સામનો કરવાની પ્રાર્થના કરે છે.

આવનારા દિવસોમાં હવે આવી પરિસ્થિતિ ન જોવી પડે એવી પરમ કૃપાળુ પરમાત્માને અભ્યાર્થના...

## Useful Apps

### vFlat - Your Mobile Book Scanner (4.5 / 5.0 Review Ratings)

vFlat scans your books quickly and beautifully, flattening the curved pages with the help of deep learning.

No need to destroy your books anymore. Turn your bookshelf into an e-book library with vFlat.

Don't be too disappointed if the first version of vFlat didn't meet your expectations.

vFlat is improving fast and the following features could be added on your request!

**Main Features :**

- Better image enhancement
- Better page flattening
- Compiling scanned pages into a book
- Document scan mode
- Auto page number detection & sorting

### Student Calendar (4.6 / 5.0 Review Ratings)

Student Calendar was made to help students get organized and have, consequently, better performance in studies.

The objective of using this app is to perform tasks within the combined deadlines, divide better the time between academic and personal life, and conduct the day-to-day with more calmness and less stress.

Student Calendar lists the events as a To Do List or Check List where you should mark the events as completed so that they are no longer highlighted. In addition, it groups by past and future events, and it is possible to see when some activity is late.

These features are adequate for school, for college, for your day-to-day...The goal is to make student life more organized, managing appointments that can't be forgotten.

The app was developed to be simple and easy to use. To start, you can simply add your subjects, your timetable and your tasks.

**Main Features :**

- Simplicity and lightweightness
- Timetable
- Scheduling of events (exams, Homeworks / tasks, and returning books to the library and other)
- Notification schedule event reminder
- Check events as "completed"
- Events ordered by day, week and month
- Timetable of the week
- Calendar
- Management of marks
- Timetable and events widgets

World Innovations

## • Wireless Power Transmission

Wireless Power Transmission for entire country? Sounds little crazy, right? But it seems that the dream of Nikola Tesla (1856-1943) will be come true soon.

New Zealand based technology start-up, EMROD, announced that it had developed new long-range, high-powered wireless power transmission technology that could substitute existing copper lines.

The company explained that the technology uses electromagnetic waves to transfer power over long distances without the use of copper coils. The technology needs a transmitting antenna to send the power and a receiving antenna to receive and rectify the beam back to electricity.



*Emrod's wireless power transmission devices can beam large amounts of electrical power between two points, with line of sight between relays the only limit on distance.*

An innovative start up EMROD said it designed and built the new technology in collaboration with Callaghan Innovation, a New-Zealand based innovation agency. The prototype received some government funding and was designed and built in Auckland. Greg Kushnir, Founder & Chief Executive Officer of EMROD approached distinguished NZ scientist Dr. Ray Simpkin of Callaghan Innovation who lead a feasibility study and worked on the prototype. Callaghan Innovation backed Emrod with a research and development grant and seconded their lead scientist to work on the game changing prototype.

Greg Kushnir says "We have an abundance of clean hydro, solar and wind energy

